# એકલી ?

–આશા વીરેન્દ્ર

આજે ઑફીસમાં ખુબ કામ રહ્યું. ઘરે આવી ત્યારે માનસી થાકીને ઠુસ થઈ ગયેલી. ભુખ પણ સખત લાગી હતી. સૌથી પહેલાં એ બાથરુમમાં ઘુસી. નાહી લીધા પછી સારું લાગતું હતું. ફ્રીજમાં ભાખરીનો લોટ બાંધીને મુકેલો હતો. સવારનો ભાત પણ પડ્યો હતો. એક ગેસ પર એણે ફટાફટ ભાખરી બનાવી. બાજુના ગેસ પર કુકુર મુકીને દુધીનું શાક બનાવ્યું.

ભાખરી, દુધીનું શાક, દહીં અને ભાત. પોતાનું શાહી ભોજન થાળીમાં લઈને નીરાંતે ટીપાઈ પર પગ લંબાવીને ટીવી જોવા બેઠી. હજી તો એક ભાખરી પણ પુરી ખવાઈ નહોતી, ત્યાં ઉપરાઉપરી ડોરબેલ વાગી. 'ઓહોહો....આટલી બધી ઉતાવળ કોને છે ?' મનમાં વીચારતાં થાળી ટીપાઈ પર મુકીને એણે દરવાજો ખોલ્યો. ખોલતાંની સાથે જ સામેવાળાં રમાઆન્ટી ઘરમાં ઘુસી આવ્યાં. 'આવી ગઈ ઓફીસેથી ?' માનસીને હસવું આવ્યું. આવી ગઈ તો જ તો તમારી સામે ઉભી છું ! પણ હજી તો એ કંઈ જવાબ આપે એ પહેલાં રમાબહેનની નજર એની થાળી પર ગઈ.

'બાપ રે, માનસી ! એકલી માટે તેં આટલું બધું બનાવ્યુ ?'

'આટલું બધું ક્યાં છે, આન્ટી ? ભાખરી–શાક હમણાં બનાવ્યાં ને સવારના ભાત હતા તે દહીં સાથે ખાઈશ !'

'પણ તને કંટાળો ના આવે ? હું જો તારી જેમ એકલી રહેતી હોત, તો એક વસ્તુથી જ ચલાવી લેત. એકલા પંડ માટે આટલી મહેનત કોણ કરે ?'

માનસીને કંટાળો આવતો હતો. એક તો જમવાનું ઠંડું થતું હતું ને રમાઆન્ટીની વાતમાં વાક્યે વાક્યે 'એકલી' શબ્દ આવતો હતો. જરા ચીડ સાથે, તોયે હસતાં હસતાં એણે કહ્યું, 'કેમ, એકલા માણસને પેટ ન હોય, આન્ટી ?'

રમાબહેનને આવો જવાબ અને માનસીની જવાબ આપવાની રીત ન ગમી. કંઈક રીસના ભાવ સાથે એમણે કહ્યું,

'આ તો તારે માટે જીવ બળે એટલે બોલાઈ ગયું. બાકી મારે તો હજી ઘરમાં બધાને જમાડવાનાં, રસોડું આટોપવાનું, કંઈ કેટલાંયે કામ બાકી છે. વસ્તારી હોઈએ એટલે કામ તો હોય

જ ને ! આટલાં કામ વચ્ચેયે યાદ આવ્યું કે બપોરે કુરીયરવાળો તારા નામનું કવર આપી ગયો છે એટલે આપવા દોડી આવી. ચાલ ત્યારે, જાઉં.'

આન્ટીને નારાજ કરવા પડ્યાં એ માનસીને ન ગમ્યું; પણ જ્યારથી દીવ્યેશથી અલગ થવાનો નીર્ણય લીધો છે ત્યારથી ઘરમાં કે ઓફીસમાં બધે, બધાંને મોઢે 'એકલી', 'એકલી' શબ્દ જ સંભળાયા કરતો હતો. ત્રણચાર દીવસ પહેલાંની જ વાત લો ને ! લંચ અવર્સમાં એણે પ્રજ્ઞાને કહ્યું હતું, 'ચાલ, આ શની–રવીમાં આપણે રખડવાનો પ્રોગ્રામ બનાવીએ. શનીવારે મૉલમાં શોપીંગ કરવા જઈએ ને રવીવારે 'મેટ્રો'માં ફીલ્મ જોવા જઈએ !'

એ હજી પોતાની વાત પુરી કરે ન કરે ત્યાં તો પ્રજ્ઞાએ શરુ કર્યું, 'ના રે બા, શની–રવીમાં બહાર નીકળવાનું મને પોસાય જ નહીં; આ મન થયું કે નીકળી પડવાનું. મારે તો સાસુને ડૉક્ટર પાસે લઈ જવાનાં છે. રવીવાર એટલે પતીને ભાવતી પુરણપોળી બનાવવાની, ધોબીઘાટ કાઢવાનો, એટલાં બધાં કામ છે...'

માનસી ચુપચાપ સાંભળી રહી. એને સમજાયું નહીં કે પ્રજ્ઞાને આટલાં બધાં કામ છે એનો એને વાંધો છે કે માનસી 'એકલી' રહે છે એનો ? લંચ ટાઈમમાં બધાં જમી રહ્યાં હતાં ત્યારે નયના અને માધવીએ સાંજને માટે શી રસોઈ બનાવવી તે ટૉપીક કાઢ્યો.

'મારે ત્યાં તો બધાને રોજ સાંજે નવી નવી વાનગીઓ જોઈએ. એકની એક વસ્તુ રીપીટ ન થવી જોઈએ. માનસી, તારે 'એકલી'ને જલસા છે ! કંઈ રસોઈ ન બનાવે કે વડા–પાઉં કે ઈડલી–સંભારનું પારસલ બંધાવી જાય તોયે કોણ પુછવાનું ?' તરત જ નયનાએ માધવીને ટેકો આપ્યો, 'હા, યાર, મને તો માનસીની અદેખાઈ આવે છે. એને જોઉં ને મને, પેલું ગીત યાદ આવે છે, 'પંછી બનું, ઉડતી ફીરું, મસ્ત ગગનમેં; આજ મૈં આઝાદ હું દુનીયાકે ચમનમેં....' માનસીને કહેવાનું મન થઈ જતું કે, તો પછી રહોને તમે પણ 'એકલાં' ! કોણ રોકે છે ? નકામા જ્યારે હોય ત્યારે તમારી વાતમાં મને શા માટે ઘસડો છો ?

એક દીવસ ઓચીન્તી મા આવી પહોંચી આવી ત્યારથી સમજાવટથી, ગુસ્સે થઈને કે રડીને માનસીના મનમાં એક જ વાત ઠસાવવાની કોશીશ કરતી હતી, 'એકલા' જીન્દગી કેવી રીતે નીકળે ? છોકરીની જાત, ભરજુવાની અને આટલી દેખાવડી ! હજી છુટાછેડા ક્યાં થયા છે ? કોર્ટે છ મહીના જુદા રહેવાનું કહ્યું છે ને ! જીદ મુકી દે ને સમાધાન કરી લે. દીવ્યેશ તો બીચારો તને અપનાવવા તૈયાર જ છે !'

'બીચારો ? દીવ્યેશ બીચારો ? અને માનસી ? એ તો જબરી કહેવાય, નહીં ? એન્જીનીયર થયેલી છે, મહીનાને છેડે મોટો પગાર કમાય છે. સ્વતંત્ર રહી શકે છે – કોઈની પણ ઓથ વીના, ખરું ને ? પણ આ માનસીએ દીવ્યેશની કેટલી જોહુકમી સહન કરી છે, કેટલી મનમાની ચલાવી છે ! પત્નીની કમાણીમાંથી મોંઘી મોંઘી ખરીદી કરતા પતીને સહન કરી લીધો છે, પોતાની આળસ અને તરંગીપણાને કારણે દર છ મહીને નોકરી છોડીને નવરાધુપ બેસી રહેતા પતીની વાત સગાં માબાપને પણ નથી કરી એ કેમ કોઈને દેખાતું નથી ?'

મા સ્તબ્ધ થઈને સાંભળી રહી. નજીક આવીને આંખમાં આંસુ સાથે માનસીનો હાથ, હાથમાં લઈ પંપાળતી રહી. 'બેટા, મને માફ કર. આજ પછી આ બાબતમાં તું જે નીર્ણય કરે એ જ સાચો.' માને વળગી પડતાં માનસીએ કહ્યું, 'મને સમજાતું નથી મા, કે કોઈને નડ્યા વીના 'એકલી' રહેતી સ્ત્રી બધાને કેમ નડે છે ? મા, હું જુઈ, જાઈ કે મધુમાલતીની વેલ નથી, જેને બીજાના સહારાની જરુર પડે. હું કાંટાળો બાવળ છું જે પોતે જ પોતાનું રક્ષણ કરી શકે છે. મા, તું શક્તીરુપા મા દુર્ગાની પુજા કરે છે ને ? બસ, તો હું મા દુર્ગાનું જ સંતાન છું. મારે માટે યોગ્ય રસ્તો કરતા મને આવડે છે. મારી ફીકર ન કરશો, મા!'

મા ગૌરવભરી નજરે પોતાની દીકરીને જોઈ રહી.

(વર્ષા પરાંડેકરની મરાઠી વાર્તાને આધારે)

તા. 01/08/2016ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લે પાનેથી સાભાર...

–આશા વીરેન્દ્ર

તા. 01-08-2016ના 'ભુમીપુત્ર' પાક્ષીકના છેલ્લા પાન પરથી લેખીકાની સમ્મતીથી સાભાર..

સર્જક–સમ્પર્ક :

–આશા વીરેન્દ્ર

બી–401, 'દેવદર્શન', પાણીની ટાંકી પાસે, હાલર, વલસાડ – 396 001

ફોન : 02632-251 719 મોબાઈલ : 94285 41137 ઈ–મેઈલ : avs_50@yahoo.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,29,19,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 67,73,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,84,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 4,26,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@